# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ–મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૫ • સળંગ અંક : ૧૫૧ • તા.૧ મે થી ૭ મે ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## અમદાવાદ કેડીઓ મહાજન દ્વારા

### કોવિડ 19 માટે

## સંપૂર્ણ મફત સારવારનો શુભારંભ



ઓનલાઈન મેડીકલ હેલ્પ



મેડિસિન વિતરણ



ઓક્સિજન બેન્ક



બ્લડ અને પ્લાઝમા ડોનેટ




ટિફિન સેવા



સરકારી હોસ્પિટલમાં ભરતી માટે મદદ

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ.**


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**


Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# અતિ સૂક્ષ્મ દુશ્મન સામેનું યુધ્ધ આપણે જીતીએ

વર્તમાન પરિસ્થિતિથી આપણે હવે સૌ ચિર પરિચિત થઈ ગયા છીએ. ગત વર્ષથી આપણી નજર પણ તણાઈ જાય એવા આંખોથી જોઈ ન શકાય એવા અતિ સૂક્ષ્મ દુશ્મનું લશ્કર તેની પૂરી તાકાત સાથે સમગ્ર માનવજાત સામે જંગે ચડેલું છે. તેને મારવા તેનું અસ્તિત્વ કાયમ માટે મટી જાય એ માટે ડોક્ટરોને વૈજ્ઞાનિકોની ફોજ રાત દિવસ એક કરી મોરચો સંભાળી રહી છે. આ નિષ્ઠુર વાયરસની સામે માનવ જાત ઘૂંટણ ટેકવી દીધાં છે એવું લાગી રહ્યું છે તો પણ આશા અમર રાખી સૌ જીવી રહ્યાં છે અને દુશ્મનએ સર્જેલો કાળો કેર ઝિલી રહ્યાં છે.

આશાનું એક કિરણ વેક્સિન રૂપે આપણને મળ્યું છે. જે ગયા વર્ષને સારું કહેડાવે એવું છે. ગત વર્ષના માર્ચ માસના અંતિમ સપ્તાહથી દરેકના ઘરો જેલમાં તબદિલ થયા હતા. શરૂ શરૂમાં નવા વાયરસ કેવું વર્તે છે તેની કલ્પના ન હતી. કેટલું નુકસાન કરી શકે છે એનું અનુમાન ન હતું. નવા નવા દુશ્મન યોધ્ધા સામે લડવા તેનો પ્રતિકાર કરવા સક્ષમ શસ્ત્ર સરંજામ કે સાધનો ન હતા. એટલે કેન્દ્ર સરકારએ એક-બે પાર્ટમાં સંપૂર્ણ લોકડાઉન સમગ્ર દેશમાં લગાવી એક દોઢ માસમાં અક્સીર શસ્ત્ર ભંડાર અને તબીબ સૈન્યને સજ્જ કરી દીધાં એ પછી લોકોમાં પણ જાગૃતિ આવી. હિંમતની કળ વળી એટલે તેનો પ્રતિકાર કરવા જેટલી હામ મળી.

લોકડાઉનના પ્રતિઘાત રૂપે લોકો પર આર્થિક તેમજ માનસિક તાણ પડી હતી. જેની કળ હજી વળી નથી. વર્તમાન સમયે નવી લહેર ફરી જાગી છે અને ફરી ખાના ખરાબી ના નાદે ચડી છે. એટલે ફરી જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. નાના હોય કે મોટો, અમીર કે રંક સૌ કોરોનાના કારમા કેરથી ત્રાહિમ છે. સરદર્દ, શરદી, તાવ, ખાંસીના સામાન્ય લક્ષણથી શરૂ થતી આ જીવલેણ બીમારી કંઈક જણ માટે જાન લેવા સાબિત થઈ છે. અક્સીર ઈલાજની દવાઓ, ઈન્જેક્શનને ઓક્સિજનની સમગ્ર દેશમાં અછત છે. આ વસ્તુઓના કાળાબજાર થઈ રહ્યાં છે. પરિવારજનો પોતાના વડીલોના, સ્વજનોના જીવ બચાવવા હાંફળા ફાંફળા દોડધામ કરી રહ્યાં છે. આમ કોરોનાનો કાળો ચહેરો સામે આવી રહ્યો છે. ગત વર્ષની તુલનાએ આ વર્ષે સંક્રમિતનો આંક તેમજ મૃત્યુઆંક પણ વધી રહ્યો છે જે ચિંતા કરાવે એવી બીના છે.

એક વર્ષથી વધુ સમયથી માસ્ક, પીપીઈ કિટ, ઉકાળા, સેનિટાઈઝર સાથોસાથ ઘરગથ્થુ ઉપયારો કરી આ યુધ્ધ લડી રહ્યાં છીએ તો ય ક્યાંક પાછા પડી રહ્યાં છીએ એવું લાગે છે. જાગૃત નાગરિક તરીકે શારીરિક તેમજ માનસિક ક્ષમતા રાખીએ અને સૌને એ માટે જાગૃત કરીએ. દરેક પરિસ્થિતિમાં હકારાત્મક વલણ રાખીએ. પોઝિટિવ વિચારધારા રાખીએ. વેક્સિન આપણે લઈએ અને અન્યો પણ વહેલી તકે લે એ માટે પ્રેરીએ. આમ મક્કમ પગલે એક બીજાના સાથ સંગાથથી યુધ્ધ જીતવા તરફ આગળ વધીએ.

-જય જ્ઞાતિમૈયા

# વિઘટન કારી તત્વોથી સાવધ રહીએ

સમાજમાં સક્રિય રહેનારા લોકો કરતાં નિષ્ક્રિય રહેતાં લોકોની બહુમતિ હોય છે. રચનાત્મક રીતે સમાજ કે દેશના હિત માટે દિલથી કામ કરનારા કરતાં જે સેવા માટે મથતા હોય, મહેનત અને કષ્ટ ભોગવતા હોય તેમની ટીકા ટિપ્પણી કરનારા ઘણા હોય છે. જે નવરા હોય, ઈર્ષાળુ હોય અને સ્વભાવ વશ કંઈક સારું થતું હોય તે તેમનાથી સહન ન થતું હોય. એવા વિચારધારા ધરાવતા હોય છે. આવી નબળી વિચારધારા ધરાવતા લોકોની સંખ્યા વધી જાય તો બહુ નુકસાનકારક પરિસ્થિતિ સર્જી શકે છે. એટલે જ કોઈ જ્ઞાનીએ કહ્યું છે કે દુર્જનોની સક્રિયતા કરતાં સજ્જનોની નિષ્ક્રિયતા ઘાતક ઘટના બની રહે છે.

સંગઠિત જનસમૂહ ધાર્યું કરી શકે છે. એને સર્વ સતાધીશો પણ પરાજિત કરી શકતા નથી. તેથી બહુ નબળા હોય તો પણ જે સંગઠિત હોય તો એમનાથી વેર ન કરવું જોઈએ. કારણ કે આજનો સમય સંગઠનનો છે. કલિયુગમાં સંઘ શક્તિ જ મહત્વની છે.

ખોટા માણસો એકત્રિત થઈને સાચા, દેશ માટે ખરા સેવકો હોય એવા લોકોને પરેશાન કરી શકે છે. આવા મથરાવટી મેલી ધરાવતી મનોવૃત્તિ ધરાવતા લોકો પોતાના સંગઠિત બળને જોરે પોતાના સ્વાર્થની ને અન્યો માટે અયોગ્ય જણાતી માગણીઓને માટે ખોટું દબાણ લાવી શકતા હોય છે. જો કે આવા સાથે થયેલા લોકોની એકતાનું કારણ નિજી સ્વાર્થ હોય તો આ સંગઠન કે આ સંપનો માહોલ ઝાઝો ટકતો નથી એ પણ હકિકત છે. આવા લોકોના સંઘમાં અચૂક અને અનાયાસ ફૂટ પડતી હોય છે. તેમનું સંગઠનનું માળખું કકડભૂસ થઈ જમીનદોસ્ત થઈ જાય છે અથવા નાલેશીભરી શરણાગતિ તેમણે સ્વીકારવી પડે છે. આવા વિઘટનકારી તત્વો દેશ માટે તેમજ સમાજ માટે ઘાતક સાબિત થાય છે. એને ઝટ ઓળખી લેવા જોઈએ અને તેને અલગ પાડી દેવા જોઈએ. જેથી તાકાત વિહીન થઈ સમયાંતરે પોતાનું કૌવત વિસારી પાડે છે અને કાળની અજાણ ગર્તામાં પોતાનું જીવન વ્યતિત કરતા રહેવા મજબૂર થઈ જાય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કોરોના મહામારી કાળમાં માનવ સેવાની મશાલ પ્રગટાવી છે

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ



નલીન મોમાયા
પ્રમુખ



રાજેશ ધરમશી
સેક્રેટરી



ગુલાબ દંડ
મેનેજીંગ ટ્રસ્ટી

કોરોના વાયરસનો મહાકેર સર્વત્ર પોતાનો પંજો પ્રસારી રહ્યો છે. જેને લીધે જનજીવન સાથે આર્થિક વ્યવસ્થા અને સૌની માનસિક તંદુરસ્તી બગડી રહી છે. છેલ્લા ૧૫ માસથી ત્રાહિમ કરાવતો અદ્રશ્ય વાયરસ અઢળક માનવ જીવનનો ભોગ લઈ લીધો છે. આ વાયરસ સામે લડવા કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર સ્થાનિક તંત્ર ઉપરાંત સમાજ સેવાભાવી સંગઠનો, મહાજનો વિગેરે સૌ પોત પોતાની રીતે સેવા કાર્ય કરી પોતાનો યત્કિંચિત ફાળો આપી રહ્યાં છે. સંશાધનો ઓછા પડે એવો માહોલ છે.

આવી કપરી પરિસ્થિતિ જાણી, સમજી શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ જ્ઞાતિજનોની વહારે બહાર પડ્યું છે. અમદાવાદ મહાજનના સેક્રેટરી રાજેશભાઈ ધરમશીના ખમતીધર પીઠબળથી અને કમિટીના સૌ સભ્યો તેમજ સેવાભાવી કાર્યકરોની સંગાથે વિવિધ રીતે જ્ઞાતિજનોને મદદરૂપ થશે. કોરોનાનો ભોગ બનતા પરિવારને માર્ગદર્શન, મદદ અને આત્મીય હૂંફ મળે એવો સંનિષ્ઠ સેવાનો પ્રયાસ થશે. જે જ્ઞાતિજનોને બહુ ઉપયોગી થશે એવી શ્રધ્ધા મહાજન ધરાવે છે.

કોવિડ ૧૯ માટે સંપૂર્ણ મફત સારવાર વ્યવસ્થાનું આયોજન એટલે અનુભવ અને યુવા જોશનું સમન્વય નલિનભાઈ મોમાયા, ગુલાબભાઈ દંડ, મહેન્દ્રભાઈ ખોના, જીતેન્દ્રભાઇ ખોના, તિલકભાઈ ભારાણી, ચંદ્રેશ લોડાયા જેવા અનુભવી મહાનુભાવોની હિંમત અને દેવેશ દંડ, જયેશ લાલકા, કેતન લોડાયા, સંદીપ મોતા, ગૌરાંગ મૈશેરી, સૌરભ લોડાયા, મિશાલ લોડાયા અને તેજસ લોડાયા જેવા યુવાનોનો જોશ... અનુભવ અને જોશના સમન્વયથી જ અમે જ્ઞાતિજનો માટે વ્યવસ્થા ઉભી કરી શક્યા.... અમદાવાદ મહાજનના ૩૦થી વધુ સભ્યો એ સેવા કાર્ય માટે ફાળો લખાવ્યો. આ સર્વે જ્ઞાતિજનોને કારણે અમદાવાદ મહાજન જરૂરિયાત જ્ઞાતિજનો માટે મફત સારવારનું આયોજન કરી શક્યું છે. હું દિલથી આ સર્વે દાતાઓનો આભાર માનું છું. મને ખુશી છે કે આ સમગ્ર આયોજનના સંચાલનની જવાબદારી મને સોંપવામાં આવી છે. ખૂબ જ સરળતાથી અને વ્યવસ્થિત આયોજનમાં શ્રી નવયુગ યુથ ફોરમના દરેક યુવાનોનો બહુ મોટો ફાળો છે આ આયોજન તેમને આભારી છે. બ્લડ અને પ્લાઝમા માટે તરૂણ પ્રતાપભાઈ દંડ જે રેડક્રોસ બ્લડ બેન્ક સંકળાયેલા છે અને સમાજ માટે હંમેશા મદદ રૂપ થાય છે એમનો પણ મહાજન વતી આભાર માનીશ તેમણે ખૂબ જ સાથ સહકાર આપેલ છે. ફરી વાર હું રાજેશ ધરમશી મહાજનના હોદ્દેદારોનો આભાર માનીશ કે તેઓ એ મારા પર વિશ્વાસ રાખી મને સમાજના જ્ઞાતિજનોની સેવા કરવાનો નો એક મોટો બહુમૂલ્ય મોકો આપ્યો.... રાજેશ ખીમચંદ ધરમશી સેક્રેટરી જનરલ શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ.

આ માનવ સેવાના યજ્ઞમાં નીચે દર્શાવેલ સેવાઓ નિ:શુલ્ક અપાય છે.

### ૧. ઓનલાઈન મેડિકલ કન્સલ્ટન્સી

આ સેવા અંતર્ગત જો જ્ઞાતિજનને કોવિડ-૧૯ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હોય તો મહાજનન તેની માટે ફ્રી કન્સલ્ટન્સીની વ્યવસ્થા કરેલ છે. જેમાં મુંબઈના ડૉ. યશ છેડા-૯૮૧૯૨૯૯૧૬૧ સમય : બપોરના ૩ થી ૪ વાગ્યા દરમ્યાન તથા અમદાવાદના ડો. મૌસમ શાહ સમય : સવારના ૯ થી ૧૨ અને સાંજના ૬ થી ૯ દરમ્યાન વિના સંકોચ ફોન કરી શકો છે.

અગર કોઈપણ જાતની ઈમરજન્સી આવે તો દેવેશ દંડ, જયેશ લાલકા અને તેજસ લોડાયા સંપર્ક કરી શકો છો.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ



**ઓનલાઈન મેડિકલ કન્સલ્ટન્સી**
**મુંબઈ**
**ડૉ.યશ છેડા**
**98192 99161**
**સમય : બપોરના ૩ થી ૪**



**ઓનલાઈન મેડિકલ કન્સલ્ટન્સી**
**અમદાવાદ**
**ડૉ.મોસમ શાહ**
**94297 82348**
**સમય : સવારના ૯ થી ૧૨**
**સાંજના ૬ થી ૯**

**૨. મેડિસિન વિતરણ**

આ સેવા અંતર્ગત જ્ઞાતિના કોવિડ પોઝિટિવ દર્દીને ડોકટર દ્વારા જણાવ્યા મુજબની દવા તેમજ રતિલાલભાઈ, બરોડાથી મોકલાવેલ આયુર્વેદિક દવા પહોંચાડવામાં આવે છે. આ સમગ્ર આયોજનની જવાબદારી અલગ અલગ ૮ વિસ્તારના યુવાનોને સોંપવામા આવેલ છે.

૧. નારણપુરા - મિશાલ લોડાયા
૨. ગોતા અને ઘાટલોડિયા - સંદીપ મોતા
૩. પાલડી - પૂજા ડાઘા
૪. બેહરામ પુરા - પ્રગ્નેશ ગોસર
૫. મણિનગર - કેતન લોડાયા
૬. બોપલ - સેટેલાઇટ - રોહન મોતા
૭. નારોલ, લાંભા - હરીશભાઈ શિયાલ
૮. નરોડા - દીપેશ શિયાલ

આ યુવાનો દ્વારા જ્ઞાતિબંધુને દવા પહોંચાડવા આવી રહી છે.

**૩. ઓક્સિજન બેન્ક**

અત્યારે મહાજન ની પાસે એક સિલિન્ડર અને ઓક્સિજન કોન્સનટ્રેટર છે. ૫ દિવસ માટે રૂ.૫૦૦૦ ડિપોઝીટ રિફંડબલ નક્કી કરવામાં આવેલ છે. ઓકસિજનની જરૂરિયાત વાળા જ્ઞાતિબંધુને ઓક્સિજન મશીન કે સિલિન્ડર પહોંચાડવા અને તેની જાણકારી આપવા ૨ ટીમ બનાવેલ છે

ટીમ ૧. દેવેશ દંડ અને સંદીપ મોતા
ટીમ ૨. જયેશ લાલકા અને કેતન લોડાયા.

**૪. બ્લડ અને પ્લાઝ્મા ડોનેટ**

બ્લડ અને પ્લાઝ્મા ડોનેટની જરૂરિયાતવાળા દર્દીને તેની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. આ સેવા અંતર્ગત અત્યાર સુધીમાં ૧૨ બોટલ બલ્ડ અને ૪ પ્લાઝ્માની સગવડ જ્ઞાતિના યુવાનો દ્વારા કરવામાં આવેલ. આ સેવા માટે રાજેશ ધરમશી, તરૂણ દંડ, દેવેશ દંડ અને જયેશ લાલકા એ જવાબદારી સ્વીકારી છે.

**૫. ટિફિન સેવા**

આ સેવા દરેક કોવિડ પોઝિટિવ હોમ કોરન્ટાઇન પરિવારને સવાર સાંજ આપવામાં આવે છે. આનું સંચાલન સંદીપ મોતા અને ગૌરાંગ મૈશેરી દ્વારા કરવામાં આવી રહ્યું છે, અત્યાર સુધીમાં ૨૦ થી વધુ પરિવારોને સેવા આપવામાં આવી રહી છે.

**૬. હોસ્પિટલમાં ભરતી માટે મદદ**

આ સેવા અંતર્ગત દર્દીની જરૂરિયાત મુજબ અને તેમના પરિવારની મજૂરીથી સરકારી કે પ્રાઇવેટ

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ



દેવેશ દંડ
મેડિકલ કમિટી



જયેશ લાલકા
મેડિકલ કમિટી



તેજસ લોડાયા
મેડિકલ કમિટી



સંદીપ મોતા
મેડિકલ કમિટી

હોસ્પિટલમાં ભરતી કરાવવા માટેની મદદ કરવામાં આવે છે. રોજ હોસ્પિટલમાંથી એ દર્દીના સારવારની વિગત લેવામાં આવે છે. પરિવારને જરૂરી મદદ કરવામાં આવે છે. આ સેવાની જવાબદારી રાજેશ ધરમશી અને દેવેશ દંડને સોંપવામાં આવેલ છે.

દરેક દર્દીને જરૂરી સેવા સમયસર મળી રહે તે માટે રાજેશ ધરમશી અને દેવેશ દંડ દરરોજ બધા દર્દીના સંપર્કમાં રહી દર્દી અને તેમના પરિવારને હિમ્મત આપી રહ્યા છે.

આ કપરી પરિસ્થિતીમાં જ્યારે દુ:ખદ પ્રસંગ બને ત્યારે અંતિમ વિધિ માટે પણ રાજેશ ધરમશી અને દેવેશ દંડ ટીમ સાથે અંતિમધામ ઉપર હાજર રહી જરૂરી વિધિમાં પૂરતી મદદ કરી રહ્યા છે.

---

## ઋણ સ્વીકાર



**રવિવાર, તા.૨૫મી એપ્રિલ ૨૦૨૧ના**

**સ્વ. સૌ.સુમિત્રા શાંતિલાલ લાલકા**

**હુબલી નિવાસી કચ્છમાં ગામ વારાપધ્ધર નું અકાળે અવસાન થતા**

**સમસ્ત જ્ઞાતિમાંથી સગા સબંધી પરિવારો, મિત્ર વર્ગ, હેતુ સંતોષી,**
**ઈતર જ્ઞાતિના મિત્ર પરિવારો તરફથી સાંત્વના સંદેશાઓ,**
**વોટસએપ પર કે ફોન દ્વારા મળ્યા જે અકલ્પનીય હતા.**
**વસ્તીપત્રક દ્વારા પણ વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોએ શ્રધ્ધાંજલી અર્પણ કરી છે**
**તે સૌનો તેમજ મારા પરિવારના જમાઈ-દિકરીઓ-દોહિત્ર-દોહિત્રી વગેરે**
**અડોશ-પડોશના મારા બંધુઓએ આ સમયે મારા સમસ્ત પરિવારના પડખે ઊભા રહી**
**સાથ, સહકાર અને સાંત્વનાનો ત્રિવેણી સંગમ અર્પણ કરેલ છે. એ બદલ**



**શાંતિલાલ રામજી લાલકા, ચિ.સંતોષ શાંતિલાલ લાલકા અને**
**સમસ્ત લાલકા પરિવાર હૃદયપુર્વક આભાર વ્યક્ત કરે છે.**

## કોરોનાના વિકટ અને વિષમ સંજોગોમાં આર્થિક સંકટમાં સપડાયેલા અચલગચ્છીય પરિવારો માટે દાતાઓ આગળ આવે એ અપીલ

પ્રેરણાદાતા પ.પૂ.મુનિરાજ શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.ના માર્ગદર્શનથી આજે છેલ્લા સવા વરસથી કોરોના મહામારીના વિકટ-વિષમ પરિસ્થિતિમાં આર્થિક સંજોગોમાં સપડાઈ ગયેલા અચલગચ્છીય પરિવારો માટે હવે અવસર જાણી કરૂ સાધર્મિક ભક્તિસાર કરવા દાતાઓને અપીલ દાતા પરિવારોને નાનકડો પણ મહાનમાં મહાન લાભ ઓનલાઈન ફોર્મ ભરી મોકલવા અપીલ છે.

● મે ૨૦૨૧ થી ઓગસ્ટ ૨૦૨૧ ચાર મહિના માટે ● એક સાધર્મિક પરિવારને દર મહિને રૂા.૨૦૦૦/-

● ચાર મહિનાના રૂા.૮૦૦૦/- ● ત્રણ મહિનાના રૂા.૬૦૦૦/- ● બે મહિનાના રૂા.૪૦૦૦/- તથા ● એક મહિનાના રૂા.૨૦૦૦/-. આ રીતે ચારમાંથી આપને અનુકુળ કોઈપણ સ્કીમમાં લાભ લેવા નામ મોકલી શકો છો.

રૂા.૨ હજાર કદાચ આપનો રોજનો ખર્ચ હશે પણ આટલી નાનકડી રકમ કોક જરૂરિયાતવાળા સાધર્મિક પરિવારની આંતરડી ઠારશે. દાન દાતા તરીકે જોડાવવા ઓનલાઈન સંપર્ક ૯૮૭૯૩૪૮૨૩૫ દાતાએ આપવાની વિગત. દાતાનું નામ, ગામ, મુંબઈમાં સ્થળ, કેટલા મહિના માટે.

ઓનલાઈન રકમ મોકલવા માટેના નંબર આપનું નામ આવ્યા પછી આપને મોકલીશું. આ અંગે કોઈએ કોલથી સંપર્ક કરવો નહિં. માત્ર વોટસએપથી જ વાત જણાવવી. આ મેસેજ ફક્ત દાતાઓ માટે જ છે.

---

## અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવની ઉજવણીના અવસરે અબડાસા પ્રાંતના વિવિધ ગામોમાં ઉત્કૃષ્ટ ભાવથી જીવદયાના કાર્યો થયા

તા.૨૨ એપ્રિલ ગુરૂવારના શ્રી અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના અચલગચ્છાધિપતિ પદ પ્રદાનના મહોત્સવની હરખ ઉજવણી નિમિત્તે અબડાસાના ગામોની પાંજરાપોળો તથા ગામેગામ મૂંગા અબોલ જીવોને લીલો ચારો આપવામાં આવેલ. કોઠારા ગામે મૂંગા અબોલ જીવોને લીલાચારાનું નિરણ કરવામાં આવેલ. આ જીવદયા અનુકંપાના કાર્ય માટે સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવારની શ્રી શાંતિનાથજી મહારાજ જૈન દેરાસર તથા કોઠારા પાંજરાપોળ અનુમોદના કરેલ.

સુથરી પાંજરાપોળમાં અબોલ જીવોને કાજે લીલોચારો જુવારનો દાન કાર્ય ઉછળતા ભાવથી જીવદયા કાજે કરાયું જે બદલ દાતા સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવારની સુથરી સંઘ અને સુથરી પાંજરાપોળ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે તથા જખૌ ગામની પાંજરાપોળના અબોલ જીવોને કાજે લીલોચારો જુવાર નિરણ કરી જીવદયાનું ઉત્તમ કાજ દાતા સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવારએ કરેલ. જેની જખૌ પાંજરાપોળ ખૂબ ખૂબ અનુમોદના ભાવ કરેલ.

---

## કોરોના વાયરસના પ્રતિકાર જંગમાં કેડીઓ વડોદરા મહાજન પણ જોડાયું

કેડીઓ મહાજન વડોદરા ભૂતપૂર્વ ટ્રસ્ટી સ્વ. ખીરેન્દ્રભાઈ લોડાયાની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે તેઓશ્રીના પરિવાર તરફથી કોરોના વાયરસ પ્રકોપની આ મહામારીના સમયકાળમાં વડોદરા મહાજનના જ્ઞાતિ સભ્યોને સહાયભૂત થવાના આશયથી એક ઓક્સિજન કોન્સ્ટ્રેટર ૫ લિટર કેપસિટીનું મહાજનને અર્પણ કરાયું. સુકૃતનું એક કાર્ય બીજા સુકૃત કાર્યને પ્રેરે છે. એ સત્ય ઉક્તિને યથાર્થ કરતા શ્રી આનંદીલાલ દંડની સ્મૃતિમાં તેઓના પરિવાર દ્વારા એક ઓક્સિજન કોન્સ્ટ્રેટર મશીન પણ જ્ઞાતિ મહાજનને ભેટ અપાયું. આ પ્રસંગે ૧૩ ટ્રસ્ટી ગણ હાજર રહ્યાં હતા અને બન્ને પરિવારની ઉદાત ભાવનાને બિરદાવી હતી.

વિશેષમાં છેલ્લા એક વર્ષ સમય દરમ્યાન ખૂબજ મદદરૂપ થનાર ઈન્દુ બ્લડ બેંકના તથા વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડૉ. વિજયભાઈ, જીતુભાઈ સુકડીયા ધારાસભ્ય, બાલુભાઈ શુકલ પૂર્વ ધારાસભ્ય, સવિતા હોસ્પિટલના સીએમડી ડૉ. મિતેશભાઈ તથા વડોદરા મ્યુ.કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીના મનોજભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આજનો આ સાંકેતિક કાર્યક્રમ અન્ય જ્ઞાતિ બાંધવોને સુકૃતના કાર્યો કરવાની પ્રેરણા મળે એ માટે યોજવામાં આવ્યો હતો.

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. સરોજબેન રાજેન્દ્ર મણીલાલ ખોના

(ગામ : સુથરી, હાલ : મુલુંડ)

સ્વર્ગવાસ : તા.૩૦-૦૪-૨૦૨૧

આપ હતાં પરિવારના બાગબાન,
આપની હસ્તી હતી શીતળ છાયા સમાન,
નાના-મોટા સહુના હૃદયમાં આપે કર્યો હતો વાસ,
સદાય મહેંકતી રહેશે આપની સ્મૃતિઓની સુવાસ

-: શ્રદ્ધાસુમન :-

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**
**સેક્રેટરી જનરલ, મેનેજીંગ ટ્રસ્ટી અને ટ્રસ્ટીગણ**

# મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે દીનજનોને અન્નદાન અપાયું





તા.૨૫ એપ્રિલ રવિવારના ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે માટુંગા (ઈસ્ટ) સેન્ટ્રલ રેલવેના વોર્ડ ક્રમાંક ૧૭૭ના નગરસેવિકા નેહલ અમર શાહ ખોના-દાદર દ્વારા દીનજન ગરીબોને સેવબુંદીનું વિતરણ કરાયું. આજના આ મહાન દિવસે વંચિતજનો અન્ન આહાર ગ્રહણ કરી તૃપ્ત રહે એ ભાવના વ્યક્ત કરાઈ હતી.

# કોઠારા પાંજરાપોળમાં ગૌજીવને લીલા ચારો નીરણ કરાયો



ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના પાવન પ્રસંગ અવસરે અબડાસા પંથકના કોઠારા નગરની પાંજરાપોળમાં ૫૦ મણ જુવારનો લીલો ચારો ગાયોને જુગલ જયેશ ભાગચંદ જૈન કોઠારા-અમેરિકા તરફથી નીરણ કરાયો.



# માંડવીના શિવમસ્તુ તીર્થમાં વાચનાની અમીવૃષ્ટિ

કચ્છ પ્રદેશના બંદરીય શહેર માંડવી શહેરના શિવમસ્તુ તીર્થે વાચના દાતા પ્રવચન પ્રભાવક પ.પૂ.ગુરૂદેવ શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા. છેલ્લા પંદરેક દિવસથી શ્રમણી ગણને વાચના આપી રહેલા પૂજ્યપાદશ્રીએ જૈન શાસન, શ્રમણ ધર્મતત્વ પ્રાપ્તિના ઉપાયો, મોક્ષ માર્ગ વિગેરે વિષયોને આવરીને શ્રુત વાચનાની અમીવૃષ્ટિ કરેલ. નવપદજીની ઓળીમાં સાથોસાથ નવપદ વિષે પણ અદ્‌ભૂત ચિંતન રજૂ કરેલ.

પંદર દિવસ દરમ્યાન પ.પૂ.સાધ્વીશ્રી રમ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી તત્વગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી મહાપદ્મગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી વિરાગગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી પુનિત ગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી મૈત્રી ગુણાશ્રીજી મ.સા. આદિ પંદરેક ઠાણાઓએ વાચના મૃતનું રસપાન કરેલ. વચ્ચે વચ્ચે દર્શનાર્થે, વંદનાર્થે પધારતા મહેમાનો પણ આ જ્ઞાન વાણીનો અમૃતપાન મનભરીને લેતા હતા, કૃતાર્થ થતા હતા.

# તિરૂપુર સંઘમાં મહાવીર જન્મકલ્યાણક દિવસની ઉજવણી કરાઈ





વર્તમાન કોરોનાને લીધે પ્રવર્તતી પરિસ્થિતિને અનુલક્ષી તિરૂપુર નગરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસર મધ્યે ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસની ઉજવણી સવારે ૯.૩૦ કલાકે ભવ્ય રીતે કરાઈ. ભગવાન શ્રી મહાવીરના તસ્વીર પર ફરતે ત્રણ પ્રદક્ષિણા ઉપસ્થિત મેમ્બરોએ કરી અને ભાવવંદના સાથે ધર્મ આરાધના કરી.

ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડાએ આ અવસરનું આયોજન સંભાળ્યું હતું અને સંઘ પ્રભાવના કરી હતી. આરતીનો લાભ ભંવરલાલ જૈન પરિવારએ લીધો હતો.

# પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને અચલગચ્છાધિપતિ પદ ગ્રહણની શુભેચ્છા-અભિનંદન વિવિધ સંઘો દ્વારા અપાઈ



પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તા.૨૨ એપ્રિલ ગુરૂવારના રોજે શ્રી સુધર્મા સ્વામી ભગવંતથી ૭૮મી પાટે અને અચલગચ્છના આદ્ય પ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિની ૩૨મી પાટે અચલગચ્છાધિપદે બિરાજમાન થયા. જેનો પ્રત્યેક સંઘના સૌ શ્રાવકોને હરખ આનંદ અને ઉત્સાહ છે.

નૂતન અચલગચ્છાધિપતિના આશીર્વાદ સકલ સંઘ પર અખંડ રહે એ ભાવ સાથે દક્ષિણ ભારતના કર્ણાટક રાજ્યના દાવણગેરેના કેડીઓ જૈન મહાજન પ્રમુખ કિશોરચંદ મૂલજી, શ્રી કચ્છ સાંધાણ દ.ઓ.જૈન મહાજનના પ્રમુખ ગુલાબ ડી.શાહ તથા શ્રી કચ્છ સાંધણ શાંતિનાથજી જૈન દેરાસરજી તેના સાધારણ ફંડસના ટ્રસ્ટી રાજેન્દ્ર શીવજી ચુરલા અને કેડીઓ જૈન સંઘ કાંજુરમાર્ગ દ્વારા શુભેચ્છા, અભિવંદના કરાઈ છે.

# વેરાવળ મર્કન્ટાઈલ બેંકના ડિરેક્ટર-ચેરમેન તરીકે નવીનભાઈ શાહની બિનહરીફ વરણી થઈ



ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓ.બેંક લીમીટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી છેલ્લા ૨૮ વર્ષની પરંપરા મુજબ બિનહરીફ થઈ. વેરાવળના બોર્ડ ઓફ ડિરેક્ટરની ૧૫ બેઠક તેમજ અન્ય શાખાઓમાંથી ત્રણ ડિરેક્ટર મળી ૧૮ બેઠકની ચૂંટણી થઈ હતી. બેંકના ચેરમેન તરીકે નવીનભાઈ હીરજીભાઈ શાહની વરણી થઈ હતી. મેનેજિંગ ડિરેક્ટર તરીકે ડૉ. કુમુદચંદ એ. ફિચડીયા તથા જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે ભાવનાબેન એ. શાહની નિયુક્તિ કરાઈ હતી.

# તિરૂપુર સંઘમાં આયંબિલ ઓળીનું આયોજન કરાયું





દક્ષિણ ભારત વિસ્તારના તામિલનાડુ પ્રાંતના તિરૂપુર નગરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં ૯ દિવસ આયંબિલ ઓળીનું આયોજન કરાયું. જેનો રોજ ૨૦ જણાએ લાભ લીધો હતો અને સ્નાત્રપૂજા રોજે ૨ પરિવાર દ્વારા કરાઈ હતી. હાલે કોરોના કાળને લીધે અમલમાં મૂકાયેલ સરકારી ગાઈડ લાઈનને અનુસરી બધા નિયમોનું પાલન કરી સાદાઈ અને સાવધાની રાખી આયંબિલ ઓળીની ધર્મ આરાધના કરાઈ હતી.

આયંબિલ ઓળીના લાભાર્થી હતા કાર્તિક સંપતરાજ સોલંકી પરિવાર તેમણે પોતાની પત્ની અંજનિબેન સોલંકીની પુણ્યસ્મૃતિમાં આ લાભ લીધો હતો. જેઓ ગત વર્ષે રોડ અકસ્માતમાં કાળગત થયા હતા.

ઓળી વ્યવસ્થાનું આયોજન ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડાએ સંભાળ્યું હતું.

---

જય જય શ્રી ચિંતામણિ પારસનાથજી

## ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મતારીખ
૧૬-૦૭-૧૯૬૮

અરિહંત શરણ
૧૪-૦૪-૨૦૨૧

**સ્વ. અ સૌ ડીમ્પલ નલિન રતનશી ડાઘા**
**(વરાડીયા-થાણા)**

ડીમ્પલ પલ વાર મા બધા નો સાથ છોડી ગઈ નલિનનો સંગાથ છોડી, પંચ મહાભુતમા વિલીન થઈ.
પંક્તિ-જીત ની માતા આ ફાની દુનિયા છોડી ગઈ, ધીયારા ની નાની સૌને નિરાધાર કરતી ગઈ.
હિર રતનનુ રતન રોળાયું, ડાઘા પરીવારનુ હિર હણાયું. પરીવારજનો નુ સ્મિત ખોવાયું,
અમે એક શુભચિંતક ગુમાવ્યું
ભીની આંખે અર્પણ અમ સૌની હાર્દિક શ્રદ્ધાંજલી, હે પ્રભુ બનાવજે ડીમ્પલ બેનને જલદી મોક્ષગામી.
સ્વ. અ સૌ ડીમ્પલ નલિન રતનશી ડાઘા (વરાડીયા) ને ભાવભીની શ્રદ્ધાંજલી

**ટ્રસ્ટીઓ :**
**શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ**
**તથા શ્રી વરાડીયા ક દ ઓ જૈન જ્ઞાતિ મહાજન**

**મા. માંકબાઇ લધાભાઈ મણશી મોમાયા પરીવાર**
**હ. જયંતીલાલ લધાભાઈ મોમાયા, બેંગ્લોર**
**અમૃતલાલ લધાભાઈ મોમાયા, મુંબઇ**

# આદરાંજલિ



જન્મતારીખ
૧૬-૦૭-૧૯૬૮

અરિહંત શરણ
૧૪-૦૪-૨૦૨૧

## સ્વ. અ.સૌ. ડીમ્પલ નલિન રતનશી ડાઘા

(વરાડીયા-થાણા)

સૌ. ડીમ્પલ નલિન ડાઘા ના અવસાન સમયે/બાદમા
પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અમારા પરીવારજનોને દિલસોજી
વ્યકત કરી દિલાશો આપનાર અને શોક સંદેશા તથા શ્રદ્ધાંજલી
પાઠવનાર સર્વે જ્ઞાતીજનો, મિત્રો, ગામવાસીઓ, હિતેચ્છુઓ,
સામાજિક સંસ્થાઓ, મંડળો વગેરેનો
અમો અંતઃકરણ પુર્વક આભાર માનીએ છીએ.

સૌ. ડીમ્પલ નલિન રતનશી ડાઘાને અશ્રુભીની શ્રદ્ધાંજલી

—: શ્રદ્ધાસુમન :—

**માતુશ્રી હીરબાઈ રતનશી પાસવીર ડાઘા પરીવાર**
**(વરાડીયા)**
**માતુશ્રી જયાબેન નવીનચંદ્ર લખમશી ખોના પરીવાર**
**(વાંકુ)**

# પ.પૂ.હ્રીંકારસાગરજી મ.સા.ની ૯૮મી ઓળીનું પારણું માટુંગા સંઘમાં શાતાપૂર્વક થયું



તા.૨૮ એપ્રિલ બુધવારના માટુંગા કચ્છી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘને આંગણે સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં મારવાડ રત્ન પ.પૂ.મુનિરાજ શ્રી કમલપ્રભસાગરજી મ.સા.ના શિષ્ય રત્ન તપોરત્ન મુનિરાજ પ.પૂ.શ્રી હ્રીંકારસાગરજી મ.સા.ની ૯૮મી ઓળીનું પારણું શાતાપૂર્વ થયેલ.

પૂજ્યશ્રી તરફથી દરેકને ખાસ અપીલ છે કે હાલમાં કોઈએ પણ દર્શનાર્થે આવવું નહીં. હમણાં માટુંગા સંઘને આંગણે સ્થિરતા છે. સંઘના કાર્યકરો સુંદર રીતે વૈયાવચ્ચ કરી રહેલ છે.

# સુથરી ગામવાસીઓ તથા નિયાણી પરિવારો માટે અગત્યની સૂચના

હાલના સમય અને સંજોગો એ આપણને સૌને વિકટ સ્થિતિમાં મૂકી દીધા છે. સર્વત્ર અને આપણા માદરે વતન સુધ્ધા કોરોના મહામારીએ પોતાની આણ વર્તાવેલ છે. ગત વરસની જેમ આ વર્ષે પણ ધ્વજા મહોત્સવ સરકારી નિયમોની આધિન રહી ઉજવવાની ફરજ પડી છે.

સરકારી નિયમોની અમલ બજાવણી અને તેમાં સંપૂર્ણ સાથ સહકાર આપવા આપણી ફરજોને ધ્યાનમાં રાખી આ વરસે જિનાલયની વરસગાંઠ સ્થાનિક સંઘના સાથ સહકારથી સાદગીપૂર્વક ઉજવીશું. આપ સર્વેને નમ્ર અપીલ છે. આપણે સૌ તા.૧૯ મે ૨૦૨૧ વૈશાખ સુદ આઠમના દિવસે પારિવારિક પ્રસંગની જેમ ઘરે રહીને સહ પરિવાર મનાવીશું. તે દિવસે અનુકુળતા મુજબ જીવંત પ્રસારણ કરવાની સંઘની કોશીષ છે. જે વરસગાંઠના પ્રસંગથી એક દિવસ અગાઉ આપ સર્વેને વોટસએપના માધ્યમથી જણાવવામાં આવશે. આ સૂચના શ્રી સુથરી જૈન સંઘ દ્વારા અપાઈ છે.

# કચ્છ બોંતેર જિનાલય તીર્થે વૈશ્વિક મહામારીના શાંતિ અર્થે લઘુશાંતિ સ્ત્રોત સ્મરણ સાથે અભિષેક કરાયા

કચ્છ પ્રદેશના મહાતીર્થ વર્ધમાન બોંતેર જિનાલય તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં પ્રવર્તીની મહતરા પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી વૈશ્વિક કોરોના મહામારીથી શાંતિ મેળવવા અને આ મહાવ્યાધિનું શમન થાય એ માટે લઘુશાંતિ સ્તોત્રનું ૨૭ વખત સ્મરણ કરી મૂળનાયક તથા અન્ય પ્રતિમાજીનું એકધારી અભિષેક કરાયેલ.

# અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવ અવસરે મુંબઈ મહાજન દ્વારા અબડાસાની છ પાંજરાપોળોમાં જીવદયા અનુદાન અપાયું

તા.૨૨ એપ્રિલ ગુરૂવાર એટલે ગચ્છ માટે મહાપર્વ આજના અવસરે અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ સહ શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન સમિતિ દ્વારા માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘના સથવારે અચલગચ્છનાયક પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ને ગચ્છાધિપતિ પદે બિરાજમાન કરાયા. આ અવસરની ખુશી આનંદની લહેર સંઘના પ્રત્યેકના હૈયે હિલોળા લેતી હતી.

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથજી જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ આ અલભ્ય અને ઐતિહાસિક અવસરે આનંદ ગૌરવ લાગણી અનુભવી કચ્છ અબડાસાના કોઠારા, નલિયા, તેરા, પરજાઉ, સુથરી અને જખૌ પાંજરાપોળમાં પ્રત્યેકને રૂા.૨૫ હજારનું અનુદાન લીલા ઘાસ ચારા માટે મોકલાયું. પ.પૂ.નૂતન અચલગચ્છાધિપતિ મ.સા.ને કોટી કોટી વંદન કરી. કુલ્લ રૂા.૧.૫૦ લાખનું દંડ અબોલ જીવોના જીવદાય કાજે અપાયું.

# શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ દ્વારા સદ્‌ગત પ્રમુખશ્રીને શ્રધ્ધાંજલિ અપાઈ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમની કારોબારી સમિતિની મિટીંગ તા.૨૫ એપ્રિલ રવિવારના દિને યોજાઈ. જેમાં સદ્‌ગત પ્રમુખ શ્રી તિલકચંદ જે.ખોનાના દુ:ખદ નિધન પર શોક વ્યક્ત કરી શ્રધ્ધાંજલિ આપવામાં આવી.

ત્યાર બાદ એકમની ખાલી પડેલ પ્રમુખશ્રીની જગા પર એકમના મેનેજીંગ ટ્રસ્ટી-કમલેશભાઈ માણેકજી દંડ અંકલેશ્વરની વરણી સર્વ સંમતિથી કરાઈ. અન્ય હોદ્દેદારોમાં સેક્રેટરી મુકેશ માણેકજી લોડાયા-વડોદરા, ઉપપ્રમુખો ચંદ્રેશ દિનેશ નાગડા-વડોદરા, હીરેન મહેન્દ્રભાઈ મોતા-અમદાવાદ અને તેજકુમાર એસ.જૈન-રાજકોટ તથા ખજાનચી ભાવેશ નવીનચંદ્ર ખોના-હાલોલ.

---

જય જય શ્રી ચિંતામણિ પારસનાથજી — જય જય શ્રી મોમઈ મા

## ભાવભીની શ્રધ્ધાંજલી



જન્મતારીખ
૧૬-૦૭-૧૯૬૮

અરિહંત શરણ
૧૪-૦૪-૨૦૨૧

**સ્વ. અ.સૌ. ડીમ્પલ નલિન રતનશી ડાઘા**
**(વરાડીયા-થાણા)**

*તમારા ચહેરા કરતા પણ સુંદર હતું તમારું સ્મિત.... તમારા સ્મિત કરતા પણ સુંદર હતો તમારો અવાજ...*
*તમારા અવાજ કરતા પણ સુંદર હતો તમારો સ્વભાવ....*

અ.સૌ ડીમ્પલ નલીન રતનશી ડાઘા (શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ તથા શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ, વરાડીયાના પદાધિકારી તથા સક્રીય કાર્યકર્તા શ્રી નલીન રતનશી ડાઘાના ધર્મપત્ની) ના ટુંક માંદગી બાદ અચાનક અરિહંત શરણથી અમારા મંડળ ના બધા સભ્યો ને ઊંડો આઘાત લાગ્યો છે. દાદા શ્રી ચિંતામણિ પારસનાથજી તથા ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી સ્વ. સૌ. ડીમ્પલબેન ના આત્માને જલદી મોક્ષગામી બનાવે તથા સૌ પરિવારજનો ને આ અસહ્ય વિરહ તથા દુખ સહન કરવાની શક્તિ આપે એજ અભ્યર્થના.

શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ, મુંબઈ — શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ, વરાડીયા (મુંબઈ)

# શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલીના પ્રમુખપદે સતત ત્રીજીવાર શ્રી પ્રવીણ લોડાયા (કોઠારા)ની નિમણુંક



ભારતભરનો વિશાળ અચલગચ્છીય સંઘ એટલે ડોંબિવલી. જ્યાં આપણી જ્ઞાતિના ૧૩૦૦ પરિવારો સહિત ૩૫૦૦ અચલગચ્છીય પરિવારો વસવાટ કરે છે. સંઘ સંચાલિત ચાર ચાર જિનાલયો, ઉપાશ્રયો, વિહારધામ, પાઠશાળાઓ, સાધર્મિક ભક્તિની અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. એવા વિશાળ સંઘના પ્રમુખ પદે સતત ત્રીજીવાર શ્રી પ્રવીણ ટોકરશી લોડાયા (કોઠારા)ની નિમણુંક કરવામાં આવેલ છે. તેઓ શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે.જૈન સંઘના માનદ્‌મંત્રી તરીકે પણ પોતાની સુંદર સેવા આપી રહ્યા છે.

# ડોંબિવલી વિભાગના હ્યુમન રાઈટ્સ સંસ્થામાં પ્રેસિડન્ટ તરીકે પ્રિયા મોમાયાની વરણી





મૂળ સાંયરા, હાલે ડોંબિવલીના શ્રીમતી પ્રિયા દેવેન્દ્ર મોમાયા હાલે કદઓ જૈન ડોંબિવલીના કમિટી મેમ્બર તરીકે છે. તે ઉપરાંત વર્ષ ૨૦૧૪ના વોર્ડ ક્રમાંક ૭૮ની ભાજપ લેડિઝ વિંગના પ્રેસિડન્ટ તરીકે રહ્યા હતા. શ્રી ડોંબિવલી ગુજરાતી સમાજની વર્કિંગ કમિટીના મેમ્બર છે તથા ભાજપ જૈન માઈનોરિટી ડોંબિવલી ઈસ્ટની વર્કિંગ કમિટી મેમ્બર તરીકે સક્રિય છે. તેઓની વિવિધ સંસ્થાઓમાં સેવા કાર્યને લક્ષમાં લઈ ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલના ડોંબિવલી ચેપ્ટરની મહિલા વિંગ પ્રભારી તરીકે વરણી કરાઈ છે જે માટે અભિનંદન અને ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છા આપીએ છીએ.

# ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ તરફથી ભાંડુપના જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને અનાજ કીટનું વિતરણ

ગત વરસથી કોરોના મહામારીનો પ્રકોપ આ વરસે ફરી બીજા રાઉન્ડમાં જનજીવનને ધમરોળી નુકસાની પહોંચાડી રહ્યો છે. લોકડાઉનના પ્રતિબંધોને કારણે અસુવિધા ભોગવતા ભાંડુપમાં વસતા ક.દ.ઓ.જ્ઞાતિ ભાઈ-બહેનોને અનાજની કીટની જરૂર હોય તેમણે પોતાનું નામ વિપુલ લોડાયા-૯૮૨૦૮૮૫૭૧૭ને જરૂરથી લખાવવું. નામ ગુપ્ત રાખવામાં આવશે. એ સૂચના શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા અપાઈ છે. અનાજકીટના લાભાર્થી વેલબાઈ લધુભાઈ લોડાયા, ધનવંતીબેન પુનશી લોડાયા રાપર ગઢવાળી-ઘાટકોપરએ લાભ લીધો છે. સંઘ દાતાશ્રી પરિવારને ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

## સુધર્મા પાટોત્સવની પરંપરામાં અચલગચ્છાધિપતિ પદે પૂજ્યશ્રી આરૂઢ થયાં તે અવસરની ક્ષણો યૂટ્યૂબ લીંક પર માણો

તા.૨૨ એપ્રિલ ગુરૂવારે પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. અચલગચ્છાધિપતિ પદે આરૂઢ થયા. હાલના સંજોગોને માન્ય ધરી આ સમારોહ મર્યાદિત કરાયો હતો. પૂજ્યશ્રીના ગુરૂભાવ ભક્તિ એમના પ્રત્યેની ઉત્કૃષ્ટ, અનન્ય શ્રધા અને પ્રત્યક્ષ કે પરોક્ષ સૌના સહયોગે આ અવસર અવિસ્મરણીય અને અવર્ણનીય તેમજ ઐતિહાસિક રહ્યો. જિનશાસનમાં અચલગચ્છની ઉજ્જ્વળ તવારીખમાં એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું. જેની ચતુર્વિધ સંઘને ખીર વધાઈ. આ પ્રસંગની યુટ્યૂબ લીંક https://youtu.be/LrryGnaEe8o છે. જેનો સૌ લાભ લઈ માણે. એવી સહઈચ્છા અખિલ ભારત અચલગચ્છ વિધિ પક્ષ શ્વેતાંબર જૈન સંઘના માનદ મંત્રીઓ દ્વારા વ્યક્ત કરાઈ છે.

## ક.દ.ઓ. ભાંડુપ સંઘ દ્વારા આયંબિલની ઓળીનું સફળ આયોજન

શ્રી અનંતનાથ ટ્રસ્ટ સંચાલિત ભાંડુપ સંઘમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ આયંબિલની ઓળીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે કોરોનાની મહામારીના હિસાબે તપસ્વીઓની સંખ્યા ધારવા કરતા ઓછી હતી. તે છતાં પણ એવરેજ સરેરાંશ ૪૦ થી ૪૫ શ્રાવકોએ આયંબિલનો લાભ લેતા હતા આ ઓળીમાં તમામ શ્રાવકોને ટિફીન દ્વારા આયંબિલ કરાવવામાં આવતા હતા.

આ ઓળીને સફળ બનાવવા માટે ભાંડુપ સંઘના કાર્યકર ભાઈઓ ચીમનભાઈ નાગડા, કમલેશ મૈશેરી, ઈલાબેન ખોના, વિપુલ લોડાયા, પરેશ ગોસર, પંકજ પોલડીયા એ ખુબ જહેમત ઉઠાવી હતી.

આ વર્ષે આયંબિલની ઓળીની પૂર્ણાહુતિ બાદ તપસ્વીઓના પારણાનો લાભ માતુશ્રી રતનબેન હિરાલાલ લોડાયા - સાંધવ અને માતુશ્રી લક્ષ્મીબેન ટોકરશી લોડાયા - રવા પરિવાર એ લીધેલ હતો.

## મુમુક્ષુ નમ્રતાબેન જયેશ ધરમશીનો દીક્ષા વિજ્યોત્સવ રાણીબેન્નુર નગરે



તા.૨૨ મે ૨૦૨૧ શનિવારના નલિયા હાલે અંબડ જિ. જાલના મહારાષ્ટ્રની મુમુક્ષુ નમ્રતા જયેશભાઈ વીરચંદ ધરમશી પ્રભુ વીરના વિરતિ પથ પર ચાલવા ઈચ્છુક વીરાંગનાનો દીક્ષા વિજ્યોત્સવ પ.પૂ.શ્રમણી ગણ નાયક આચાર્યદેવ શ્રીમદ્ અભેયશેખરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ.પંન્યાસ શ્રી ચિતશેખર વિ.મ.સા., આદિ સુવિશાળ શ્રમણવૃંદની મંગલકારિણી નિશ્રામાં અને શાસન પ્રભાવિકા પ.પૂ. સા.શ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી તીર્થનિધિશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી પાવનનિધિશ્રીજી મ.સા., પ.પૂ. સા.શ્રી યશોનિધિશ્રીજી મ.સા., આદિઠાણાની પરમ શાંતિવર્ધક આનંદ દાયિની ઉપસ્થિતિમાં કર્ણાટક પ્રાંતના રાણીબેન્નુર સંઘમાં થશે. સંયમ અનુમોદના કાર્યક્રમ જાલના સંઘમાં તા.૯મે રવિવારના સવારે ૮ કલાકે વર્ષીદાન વરઘોડો, તે બાદ સંઘ દ્વારા બહુમાન કરાશે. વરઘોડો પશ્ચાત નવકારશી રખાઈ છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન
# શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ







કચ્છ જખૌનું નામ કર્યું આપે રોશન, સમસ્ત કેડીઓ પરિવારનું દીપાવ્યું ઘર આંગન,
વડીલ ગુરુઓની પ્રીતિ કરી સંપાદન, આપના નેતૃત્વે ઝળહળી ઊઠે વિધિપક્ષ ગગન.

## પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને
## અચલગચ્છાધિપતિ પદ પ્રદાને
## અંતરના અહોભાવથી શુભકામના

**શુભેચ્છા**

• પ્રમુખ : શ્રી કાંતીલાલ કરમશી વિકમશી
• ઉપપ્રમુખ : ચેતન સોમચંદ મુનવર • ખજાનચી : અજય હિરાચંદ શિયાલ
• સેક્રેટરી : જયંતીલાલ દેવશી મૈશેરી – ચાંપશી ડુંગરશી હેફા

**-: ટ્રસ્ટ બોર્ડ કમિટી :-**

ચેરમેન : રાયચંદ દેવશી જીવાણી ● મેનેજીગ ટ્રસ્ટી : હરીશ દામજી ધરમશી
કાયમી ટ્રસ્ટી : કલ્પના રમણીકાંત લોડાયા
ટોમેશ કાંતિલાલ નાગડા, રિતેશ કિશોર ખોના, સરોજ લાલજી મુનવર, ભાવિક શશિકાંત નાગડા

**-: કમિટી મેમ્બરો :-**

ચંદ્રેશ વિશનજી સોની, હંસકુમાર શામજી શિયાલ, જીગર કિશોર શિયાલ, સરોજ લાલજી મુનવર, તેજસ મહેન્દ્ર ખોના, તરૂણ હંસરાજ નાગડા, યોગેશ હંસરાજ મુનવર, વિપુલ પ્રદીપ લોડાયા, દિનેશ લાલજી મુનવર, પ્રદીપ કેશવજી શિયાલ

# અચલગચ્છાધિપતિ પદ પ્રદાનના મંગલ અવસરે પૂજ્યશ્રી સાહેબના સંભારણા સ્મૃતિમય કર્યા મોટી સિંધોડી મહાજન સંઘએ

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.એ તા.૨૨ એપ્રિલ ગુરૂવારના અચલગચ્છાધિપતિ પદ ગ્રહણ કર્યું. સંઘ વત્સલ સૂરિમંત્ર, પંચ પ્રસ્થાનારાધક, અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. સંઘના ઉચ્ચ સિંહાસને આરૂઢ થયાં છે ત્યારે પૂજ્યશ્રી સાથેના સંસ્મરણો વાગોળતા મોટી સિંધોડી સંઘના પ્રત્યેક જણના હૈયે હર્ષની હેલીઓ ઉછળે છે.

સન ૨૦૦૬ના અબડાસાના મહોત્સવની હારમાળાનો પહેલો મણકો એટલે મોટી સિંધોડી ગામ, ત્રણ ત્રણ દિવસની પૂજ્યશ્રી સ્થિરતા એટલું જ નહીં જિનાલયના શિખરે આરોહણ કરી નૂતન ધ્વજદંડને વાસ નિક્ષેપ કર્યો હતો. વિશેષમાં પોતાની ધીર મધુરવાણીથી સંઘને તેમજ ઈતર સમાજને વ્યસન મુક્તિ અંગે પ્રેરણા કરી.

અત્યારે નૂતન જિનાલય નિર્માણાધિન છે તેમાં પણ પૂજ્યશ્રીએ સમયે સમયે માર્ગદર્શન અને પ્રેરણા બળ પૂરું પાડી રહ્યાં છે. અબડાસા પંથકના વિસ્તારમાં જ્યારે પણ વિહાર કરવાનું હોય ત્યારે જિનશાસન પ્રભાવનાર્થે જરૂર સિંધોડીની ભૂમિને પોતાના ચરણ સ્પર્શનો લાભ આપે છે.

સિંધોડી ગામની રિધ્ધિ સિધ્ધિ વધે ફૂલે ફાલે એ માટે પણ પૂજ્યશ્રી હંમેશા ચિંતિત રહે છે અને વખતોવખત આ સંદર્ભે તેઓશ્રી પોતાના વિચારો વહેતા કરતા રહે છે. પોતે તો જીવન જીવનાની ‘કલા’ જાણી લીધી પણ એમના સત્સંગમાં આવનાર દરેક જીવો પણ એ ‘કલા’ શીખી લે એ માટે દિવસમાં એકથી વધુ વિહાર કરવા સદાયે તત્પર એવા પૂજ્યશ્રી જ્યારે અચલગચ્છાધિપતિ તરીકે આટલા સુવિશાળ સમુદાયની ધૂરા સંભાળવાની છે ત્યારે પરમકૃપાળુ પરમાત્માને એજ પ્રાર્થના કે તેઓશ્રીના કરકમળ દ્વારા શાસન સમાજ ઉત્કર્ષના અનેકવિધ સત્કાર્યો નિરંતર થતા રહે એ માટે નિરોગી દીઘાર્યુ પ્રાપ્ત હો એજ મંગલકામના શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ મોટી સિંધોડી તથા શ્રી ક.દ.ઓ.જૈન દેરાસર સિંધોડીના સર્વે ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ કારોબારી સભ્યો તથા સંઘના પ્રત્યેક શ્રાવક શ્રાવિકાઓ વ્યક્ત કરે છે.

---

# જૈનોના ચારેય ફિરકાના સાધુ-સાધ્વીઓ માટે કાંદિવલીમાં આઈસોલેશન સેન્ટર

કોવિડના ભરડામાંથી જૈન સાધુ-સંતો પણ બચી શક્યા નથી. જૈન શાસનના શાસ્ત્રકીય નિયમો અનુસાર આ સાધુઓ માટે હોસ્પિટલમાં કોવિડની સારવાર લેવી અનેક રીતે અશક્ય બનતી હોય છે. આથી જૈન સાધુ-સંતો તેમના આચાર-વિચારની સાથે કોવિડની સારવાર લઈ શકે એવા ઉદ્દેશથી શ્રી જિનશાસનના ચારેય સંપ્રદાયોના શ્રમણ-શ્રમણી ભગવંતોની કાળજીના હેતુથી કાંદિવલી (વેસ્ટ)માં એસ.વી.રોડ પર શ્રી મહાવીર જૈન આઈસોલેશન સેન્ટર તા.૮ મે, ૨૦૨૧ના શનિવારથી શરૂ કરવામાં આવશે.

શ્રી મહાવીર જૈન આઈસોલેશન સેન્ટરની વિગતવાર માહિતી આપતાં આ સેન્ટરના એક સક્રિય કાર્યકર કુમાર દોશીએ કહ્યું હતું કે ‘અમે કોવિડની પહેલી વેવમાં પણ મલાડમાં સાધુ-સંતો માટે આઈસોલેશન સેન્ટર શરૂ કર્યું હતું જેનો અનેક સાધુભગવંતોએ લાભ લીધો હતો. હવે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (કાંદિવલી-મોટો ઉપાશ્રય)ના સહયોગથી શ્રી સમસ્ત મુંબઈ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ સંચાલિત શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર તપગચ્છ સંઘ દ્વારા આઈસોલેશન સેન્ટરનું સાધુ-સાધ્વીઓ માટે લોકાર્પણ કરવામાં આવશે. આ આઈસોલેશન સેન્ટરમાં પૂજ્ય ગુરુભગવંતોના આચારોનું સંપૂર્ણ પાલન થઈ શકે એવું ઉપાશ્રય જેવું જ ૨૫ બેડ અને ઓક્સિજનની વ્યવસ્થા સાથેનું વાતાવરણ હશે.’

આ સંદર્ભમાં વધુ માહિતી આપતા કુમાર દોશીએ કહ્યું હતું કે, ‘આ સેન્ટરમાં સાધુ-સંતો માટે પરમાત્માના દર્શન-વંદનની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમની સારવાર અને સેવામાં નિષ્ણાત ડોક્ટરોની સેવાભાવી ટીમ હાજર રહેશે. ઉપાશ્રયના એક માળ પર સાધુ-સાધ્વીઓ માટે ગોચરી-પાણીની (જમવાની) વ્યવસ્થા કરવામાં આવી છે.’આઈસોલેશન માટે સંપર્ક : આ સેન્ટરની અન્ય માહિતી અને સાધુ-સંતોના એડમિશન માટે કોઈપણ જૈન સંઘ કે અન્ય શ્રાવકો-શ્રાવિકાઓ મનીષ મહેતા-૯૩૨૪૯૯૯૯૬૯, કુમાર દોશી-૯૮૨૦૨૪૪૭૨૪ અને સમીર ઝવેરી-૯૮૨૦૩૪૪૯૩૩નો સંપર્ક કરી શકશે.

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર ખાતે ધ્વજા મહોત્સવ સંપન્ન





ચૈત્ર સુદ પુનમ મંગળવાર, તા.૨૭ એપ્રિલ ૨૦૨૧ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ ધ્વજા આરોહણનું કાર્યક્રમ ખુબજ સાદાઈપૂર્વક સરકારના નિયમો પ્રમાણે કરવામાં આવ્યું હતું. કોરોનાની મહામારીના હિસાબે ફક્ત ૧૧ લોકોની હાજરીમાં આ સંપૂર્ણ ધાર્મિક વિધિ પૂર્ણ કરવામાં આવી હતી. આ વર્ષે દરેક ચડાવા માટે ફીક્સ નકરો નક્કી કરવામાં આવ્યો હતો.

જેમાં દાદાશ્રીને પક્ષાલ પૂજાનો લાભ ભરત કલ્યાણજી પીર પરિવાર, ગામ સુથરીવાળાએ લીધેલ. દાદાશ્રીની કેશર પુજાનો લાભ ઉષા દિનેશ લાલકા પરિવાર, ગામ લાલાવાળાએ લીધેલ. દાદાશ્રીને આભુષણ પહેરાવાનો લાભ ગુણવંતીબેન ભરત ચત્રભુજ લોડાયા પરિવાર, ગામ સાંધાણવાળાએ લીધેલ. દાદાશ્રીને ફુલમાલાનો લાભ પ્રમિલાબેન પદમશી ખોના પરિવાર, ગામ જખૌવાળાએ લીધેલ. દાદાશ્રીને પહેડી પ્રસાદનો લાભ દમયંતી ચિમનલાલ નાગડા હસ્તે સંધ્યા સંજય ચિમનલાલ નાગડા પરિવાર, ગામ નલિયા, હાલ મુલુંડ અને પરમ જીતેન્દ્ર ઋષભ લોડાયા પરિવાર ગામ નલિયા, હાલ ઘાટકોપરવાળાએ લીધેલ. દાદાશ્રીની આરતીનો લાભ જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર, ગામ મોટી ખાવડી, હાલ મુલુંડવાળાએ લીધેલ. ક્ષેત્રપાલનું મંદિરનો લાભ શ્રી ભલારા ભાવિક પુનમ મંડળએ લીધેલ. દાદાશ્રીની મુખ્ય ધ્વજાનો લાભ ભારતીબેન ભદ્રીચંદ્ર ભવાનજી દંડ પરિવાર, ગામ છાડુડા-નલિયા, હાલ ડોંબિવલીએ લીધેલ. વીરોજી પાતોજીની ધ્વજાનો લાભ વિજયાબાઈ રતિલાલ લોડાયા પરિવાર, ગામ બાંડિયા, હાલ નાસિકવાળાએ લીધેલ. નવ ગ્રહની ધ્વજાનો લાભ માતુશ્રી કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર, ગામ સાંધવએ લીધેલ. જીવુ ભા દેરીની ધ્વજાનો લાભ માતુશ્રી દમયંતી હંસરાજ દંડ પરિવાર, ગામ સાંધવ એ લીધેલ. દાદાશ્રીનો ભંડારોનો લાભ કાંતાબેન ઠાકરશી લોડાયા પરિવાર, ગામ પરજાઉ, હાલ અમદાવાદએ લીધેલ.

આ સંપૂર્ણ કાર્યક્રમ ફેસબુક દ્વારા લાઈવ બતાવવામાં આવેલ જેમાં ૨૦૦થી વધુ ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

# નલિયા જૈન જ્ઞાતિ મહાજનના સહકારથી કડુ કડિયાતુનું નિઃશુલ્ક વિતરણ કરાયું



નલિયા ગામ પંચાયતના પ્રાંગણમાં જાહેર જનતા માટે ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના સબળ સાથથી કડુ કડિયાતુનું નિઃશુલ્ક વિતરણ શરૂ કરાયું. શ્રી ક.દ.ઓ.જૈન મહાજન નલિયા, લધાભાઈ ખીંચરાજ આર્યુવેર્દિક સાર્વજનિક ઔષધાલય નલિયાના માધ્યમથી ગ્રામ પંચાયતના પ્રાંગણમાં રોગપ્રતિકાર શક્તિવર્ધક આયુર્વેદિક ઔષધ કડુ કડિયાતાનો વિતકણ કાર્યનો પ્રારંભ કરાયો છે. પ્રારંભ દિનથી સારી એવી સંખ્યામાં ગ્રામજનોએ આનો લાભ લીધો હતો. હજુ વધુને વધુ લોકો આ સેવાનો લાભ લે એવી વિનંતી કરાઈ હતી. ગામ સરપંચ સહેનાજબેન સુમરાએ કદઓ જૈન મહાજન અને આયુર્વેદિક દવાખાનાના સંચાલકોનો ગ્રામ પંચાયત ખાતે વ્યવસ્થા કરવા બદલ આભાર માન્યો હતો. જ્ઞાતિ મહાજનના મહેશભાઈ નાગડા મિતેષભાઈ, પંચાયત સ્ટાફના ગોસ્વામીભાઈ, નરેન્દ્રસિંહ જાડેજા સહિતના સૌના સહયોગ મળી રહ્યો છે.

અગાઉ લોહાર ચોક મધે દવાખાનામધે ચાલુ કરાયેલ વિતરણ કેન્દ્ર પણ ચાલુ છે. ત્યારે આ બીજું નલિયા ગ્રામ પંચાયત ખાતે સવારે ૧૦ થી ૧૨ સુધી અત્રેનું કેન્દ્ર સેવાથી રહે છે એવી માહિતી આ પ્રસંગે અપાઈ હતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રતિભા દંડ**
તા.૨૪ એપ્રિલ (ઉ.૬૧)
તેરા-આદિપુર



**દિપક શિયાલ**
તા.૨૪ એપ્રિલ (ઉ.૫૦)
દલતુંગી-રાજકોટ



**અભયભાઈ**
તા.૨૫ એપ્રિલ
નલિયા-ઘાટકોપર



**નીતિનભાઈ પાલાણી**
તા.૨૬ એપ્રિલ (ઉ.૭૫)
કોઠારા-અમદાવાદ



**અલ્પેશ ખોના**
તા.૨૬ એપ્રિલ
ગોરખડી-જામનગર



**નવલ ખોના**
તા.૨૭ એપ્રિલ
નલિયા-ઘાટકોપર



**દિલીપભાઈ ખોના**
તા.૨૭ એપ્રિલ (ઉ.૭૮)
જખૌ-અમદાવાદ



**નરશી દૌલત (ધુલ્લા)**
તા.૨૭ એપ્રિલ (ઉ.૯૬)
સુથરી-ઘાટકોપર



**નિરંજના મોમાયા**
તા.૨૮ એપ્રિલ (ઉ.૬૦)
બારોઈ-ક્રિષ્ના



**દમયતીબેન સાયલા**
તા.૨૮ એપ્રિલ
મંજલ રેલડિયા-ડોંબિવલી



**ગુલાબભાઈ નાગડા**
તા.૨૯ એપ્રિલ (ઉ.૭૧)
નલિયા-અમદાવાદ



**લાલજી લોડાયા**
તા.૨૯ એપ્રિલ (ઉ.૯૪)
કોઠારા-ગદગ



**રમેશચંદ્ર ખોના**
તા.૨૯ એપ્રિલ (ઉ.૭૬)
મોટી ખાવડી-જામનગર



**સરોજબેન ખોના**
તા.૩૦ એપ્રિલ (ઉ.૬૮)
સુથરી-મુલુંડ



**વર્ષા શિયાલ**
તા.૧૯ એપ્રિલ (ઉ.૫૬)
જખૌ-મુલુંડ



**કાંતીલાલ ખોના**
તા.૨૬ એપ્રિલ (ઉ.૮૬)
સાંધવ-મુલુંડ



**ચંદ્રકાંત મુનવર**
તા.૨૬ એપ્રિલ (ઉ.૬૦)
કોઠારા-કોઠારા



**ધનલક્ષ્મી લોડાયા**
તા.૨૬ એપ્રિલ (ઉ.૫૮)
વાંકુ-વાંકુ



**દિનેશ લોડાયા**
તા.૩૦ એપ્રિલ (ઉ.૮૧)
નલિયા-ડોંબિવલી



**પ્રતાપ નાગડા**
તા.૨૯ એપ્રિલ (ઉ.૪૮)
વારાપધર-મલકાપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મહારાષ્ટ્રના સતારા શહેરમાં કચ્છના નખત્રાણા તાલુકાના કાદિયા ગામના કડવા પાટીદાર વસંતભાઈ અને નરસિંહભાઈ પોકારની ડુડીયમ ડોર ઈન્ડ્રસ્ટીઝ નામની લાકડા મિલમાં વહેલી સવારે આગ લાગતા અઢી કરોડની કિંમતનો માલ સામાન રાખ થઈ ગયો હતો. ફેક્ટરીમાં સ્ટોકમાં રહેલ કિંમતી ડોર, પ્લાયવુડ તૈયાર દરવાજા કિંમતી મશીનરી અને ઉપકરણો સહિત માલ સામાન આગમાં સ્વાહા થઈ ગયો હતો.

● તાજેતરમાં ટિવટર દ્વારા એકાઉન્ટ ધારકની ચકાસણી કરવાની મુહિમ ચાલી જેમાં સામાજિક બાબતોની સાથે ધર્મનો પ્રસાર કરતા એકલધામના યોગી દેવનાથ બાપુ ૩૨૦૦૦ લોકો વેરફાઈ કર્યા હતા. સરહદી કચ્છ જિલ્લાના એકલધામના મહંત દેવનાથ બાપુ રાજ્યમાં ટિવટર પર ફોલોઅર્સમાં મુખ્યમંત્રી બાદ બીજા નંબર પર આવે છે.

● દેશના તમામ ૧૨ મહાબંદરગાહોમાં સતત ૧૩ વર્ષથી અવ્વલ આવતા દીનદયાલ (કંડલા) પોર્ટ સતત ૧૪ વર્ષે પણ મોખરા સ્થાન જાળવી રાખ્યું છે. શિપિંગ મંત્રાલયએ આપેલા ૧૧૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગના લક્ષ્યાંક સામે ૧૧૬.૭ મિ.મે.ટન માલ સામાનની હેરફેર અત્રે નોંધાઈ હતી.

● કચ્છ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટના પ્રાધ્યાપક ડૉ. કનિષ્ક શાહે ૯૩.૫ રેડએફએમ ગુજરાતી દ્વારા એક મોબાઈલ ફિલ્મ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જે ટીમો એ ભાગ લીધો હતો એ લોકોને માત્ર સાત દિવસમાં મોબાઈલ દ્વારા સાત દિવસમાં આખી શોર્ટ ફિલ્મ બનાવવાની હતી. ફિલ્મની શીખ હતી 'વિશ્વ એક રંગમંચ' આ સ્પર્ધામાં ડૉ. કનિષ્ક શાહ તથા તેની ટીમે 'ધ વેન્ટરી લોકિસ્ટ' નામની શોર્ટ ફિલ્મ બનાવી હતી. જેને સ્પેશિયલ જ્યૂરી એવોર્ડ એનાયત કરાયો. સમગ્ર દેશમાંથી ૧૫૦૦ જેટલા રજિસ્ટ્રેશન થયા જેમાંથી દોઢસો જેટલી ફિલ્મો સબમિટ થઈ હતી. જ્યુરી દ્વારા ૩૦ ફિલ્મોને ટોપ શોર્ટ ફિલ્મ જાહેર કરાઈ એ ફિલ્મોને યુ ટ્યૂબ ઉપર મૂકવામાં આવી હતી અને જ્યૂરી દ્વારા પોપ્યુલારિટી ચેક કરવામાં આવી હતી. આમાં ડૉ. કનિષ્ક શાહની ફિલ્મ ટોપ ટેનમાં રહી હતી.

● ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનની ટ્રસ્ટી તથા કારોબારી સમિતિની ચૂંટણી ૧૩ વર્ષના ગાળા પછી પહેલી વારે બિનહરીફ થઈ છે. વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૩ સુધીના માટે ૪૧ કારોબારી સભ્યો તથા ૨૦૨૬ સુધી છ વર્ષ માટે ટ્રસ્ટ મંડળના સાત સભ્યો બિનહરીફ વરાયા હતા.

● ભુજના ૩૪ વર્ષીય તુષાર શાંતિલાલ બુધ્ધભટ્ટીએ બાઈકથી એક હજાર કિ.મી.નું અંતર માત્ર ૧૮.૪૦ કલાકમાં કાપી વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયા બુકમાં નામ નોંધાવી રેકોર્ડ કર્યો છે. તુષાર જન્મ જાતથી માત્ર એક આંખથી જોઈ શકે છે અને આંખનું વિઝન ૬/૬ છે. આંખની તબીબી તપાસ બાદ આરટીઓમાંથી મહા મહેનતે ડ્રાઈવીંગ લાયન્સ મળ્યું હતું. આમ આ રેકોર્ડ લક્ષ્ય એક આંખના સહારે સિધ્ધ કર્યું છે. કચ્છ કોટેશ્વર મહાદેવ મંદિરથી સિધ્ધિ વિનાયક દાદર મુંબઈ સુધી જાવા ૪૨ બાઈથી આ રાઈડ કરી હતી.

● ગત વર્ષે સાચા ચોમાસા બાદ ચાલુ વરસે સીમાડામાં મોટા પ્રમાણમાં મધ તેમજ મીણનું ઉત્પાદન પાંચગણું હોવાનું જાણવા મળ્યું છે. વન નિગમના નખત્રાણા ડેપો પર દર અઠવાડિયે ગુરૂથી શનિ જ્યારે ભુજ ડેપો પર સોમથી બુધવારે ખરીદી કરાશે. નિગમ એક કિલો મધ રૂ.૨૨૫ તેમજ મીણનો ભાવ રૂ.૯૦ કિલોના ભાવે ખરીદે છે.

● મિનરલ વોટર બનાવતી વિખ્યાત કંપની બિસલેરીએ તાજેતરમાં લોન્ચ કરેલી ટીવી જાહેરાતમાં શિક્ષકને ઉતારી પાડવાના આક્ષેપ સામે સમગ્ર શિક્ષક આલમમાં આક્રોશ વ્યક્ત થયો છે. આ વિજ્ઞાપન દૂર નહીં થાય ત્યાં સુધી વિરોધ કેમ્પેઈન ચલાવાશે. કચ્છમાં વિરોધ ઝૂંબેશ ચલાવાઈ રહી છે અને ટવિટર પર વિરોધ નોંધાવાયો છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA